Maternity Leave changes - Gujarati

**PL507 (Rev 3)**

# મેટરનિટીની રજાઓમાં ફેરફાર

પાયાનો સંક્ષેપ

કામ કરતાં માતાપિતાઓને મદદ કરવા માટે સરકાર કટિબદ્ધ છે. **જે સ્ત્રીઓના બાળકના જન્મનું અપેક્ષિત અઠવાડિયું (એક્સપેક્ટેડ વીક ઓફ ચાઈલ્ડબર્થ - ઈ.ડબલ્યૂ.સી.) 6 એપ્રિલ 2003 ના દિવસે કે તે બાદ શરૂ થતું હોય, તેમને મેટરનિટી માટે (માતા બન્યા બાદ) મળતી રજાઓમાં થનારા ફેરફારોને કારણે ફાયદો થશે.**

તે જ સમયે સરકાર, બાળક દત્તક લેનારાં માતાપિતાઓને અને બાળકના જન્મ બાદ પિતાઓને પગાર સાથેની રજાઓ મેળવવા માટેના અધિકારો અને નાનાં બાળકોનાં માતાપિતાઓને તેમના સમયની અનુકૂળતા મુજબ કામ કરવાની અરજી કરવા માટેના અધિકારો આપવાનું શરૂ કરી રહી છે. આ અધિકારો, માતાપિતા તરીકેની રજા મેળવવાના અને પોતાના ઉપર નિર્ભર લોકો માટે કામેથી રજા મેળવવાના હાલના અધિકારોની સાથે મળવાથી માતાપિતાઓને પોતાના કામધંધા માટેની કાર્યદક્ષતા સાથે સુસંગત અને ફાયદાકારક રહીને પણ પોતાના કામ અને કૌટુંબિક જીવન વચ્ચેનું સમતોલન જાળવવા માટે પહેલાં કરતાં ઘણી વધારે તકો આપે છે.

આ પત્રિકા, મેટરનિટીની રજાઓમાં થનારા મુખ્ય ફેરફારો વિશેની માત્ર પાયાની માહિતી પૂરી પાડે છે - મેટરનિટીને લગતા બીજા ઘણા અધિકારો અને ફરજોમાં ફેરફાર કરવામાં આવ્યા નથી, જેમાં બાળકના જન્મ પહેલાંની સંભાળ માટે કામેથી રજા મેળવવાનો અધિકાર, બાળકના જન્મ બાદ કામેથી બે અઠવાડિયાંની ફરજિયાત મેટરનિટી રજા, મેટરનિટી આરોગ્ય અને સુરક્ષાનાં કારણોસર કામની અનિશ્ચિતતા માટેની જોગવાઈઓ અને મેટરનિટીના કારણોસર નુક્સાનકારક વ્યવહાર સામે રક્ષણ મેળવવાના અધિકારનો સમાવેશ થાય છે. આ પત્રિકામાં ફેરફારોનું વિગતવાર વર્ણન આપવાનો પ્રયત્ન કરવામાં આવ્યો નથી અને તેને કાયદાના અધિકૃત કથન તરીકે ગણવામાં આવવી જોઈએ નહિ.

**આ પત્રિકાની અદ્યતન આવૃત્તિ ઈન્ટરનેટ www.dti.gov.uk/er/matleafr.htm ઉપરથી મેળવી શકાશે. હાલના અને નવા બંને અધિકારો વિશેનું વિગતવાર માર્ગદર્શન *Maternity rights* 'મેટરનિટીના અધિકારો' (PL 958) માં આપવામાં આવ્યું છે, જે www.dti.gov.uk/er/maternity.htm ઉપરથી અથવા ડી.ટી.આઈ.ની પબ્લિકેશન્સ ઓર્ડરલાઈન ઉપરથી મળી શકશે (સંપર્ક માટેની વિગતો 'વધારે માહિતી વિભાગ'માં આપવામાં આવી છે).**

**રોજગારને લગતી બાબતો વિશે વધારે માહિતી મેળવવા માટે www.dti.gov.uk/er જુઓ.**

**ફેબ્રુઆરી 2003**

# <u>મેટરનિટીની રજામાં ફેરફારો</u>

જે સ્ત્રીઓનાં બાળકો 6 એપ્રિલ 2003ના દિવસે કે તે બાદ જન્મવાનાં હોય, તેઓ અને તેમનાં એમ્પ્લોયરોને મેટરનિટીની રજાઓ માટેના સુધારાયેલા, વધારે સરળ બનાવાયેલા અધિકારોથી ફાયદો થશે.

## શરૂ થવાની તારીખો

જે સ્ત્રીઓના બાળકના જન્મનું અપેક્ષિત અઠવાડિયું (એક્સપેક્ટેડ વીક ઓફ ચાઈલ્ડબર્થ - ઈ.ડબલ્યૂ.સી.) 6 એપ્રિલ 2003ના દિવસે કે તે બાદ શરૂ થતું હોય, તેમને મેટરનિટીની રજાઓની નવી જોગવાઈથી ફાયદો થશે.

જે સ્ત્રીઓનું ઈ.ડબલ્યૂ.સી. 6 એપ્રિલ 2003ના દિવસે કે તે બાદ આવતું હોય, તેમનાં બાળકો જો અપેક્ષા કરતાં વહેલાં જન્મે તો પણ તેમને રજાઓ માટેના નવા અધિકારોથી ફાયદો થશે.

જે સ્ત્રીઓનું ઈ.ડબલ્યૂ.સી. 6 એપ્રિલ 2003 પહેલાં હોય તેમને મેટરનિટીની રજાઓની જોગવાઈમાં કરવામાં આવનારા ફેરફારો લાગુ પડતાં <u>નથી</u>, પછી તેમનાં બાળકો અપેક્ષા કરતાં મોડાં અથવા 6 એપ્રિલ 2003 બાદ જન્મે તો પણ.

## મેટરનિટીની રજાઓની લંબાઈ

સાધારણ રીતે મળતી મેટરનિટીની રજાઓની લંબાઈ વધારવામાં આવી છે અને સગર્ભા કામદાર સ્ત્રીઓએ તેમનાં એમ્પ્લોયર માટે ગમે તેટલા લાંબા કે ટૂંકા સમય માટે કામ કર્યું હોય, તેઓ 26 અઠવાડિયાંની **મેટરનિટીની સાધારણ રજાઓ** મેળવવા માટે હકદાર બને છે.

સાધારણ મેટરનિટીની રજાઓ સામાન્ય રીતે પગાર સાથેની રજાઓ હોય છે.

જે સ્ત્રીઓએ તેમના ઈ.ડબલ્યૂ.સી. પહેલાંના 14મા અઠવાડિયાની શરૂઆતમાં પોતાના એમ્પ્લોયર સાથે 26 અઠવાડિયાંની નોકરી પૂરી કરેલી હોય, તેઓ **મેટરનિટીની વધારાની રજાઓ** લઈ શકે છે. મેટરનિટીની વધારાની રજાઓ, મેટરનિટીની સાધારણ રજાઓ પૂરી થાય એટલે તરત જ શરૂ થઈ જાય છે અને બીજાં 26 અઠવાડિયાં માટે ચાલુ રહે છે.

મેટરનિટીની વધારાની રજાઓ સામાન્ય રીતે પગાર વગરની રજાઓ હોય છે, જો કે સ્ત્રીને કરાર હેઠળ મેટરનિટીની વધારાની રજાઓના સમય દરમ્યાન પગાર મેળવવાનો અધિકાર કદાચ મળતો હોય તેવું બની શકે.

## મેટરનિટીની રજા લેવાના ઈરાદાની જાણ કરતી સૂચના

સગર્ભા કામદાર સ્ત્રીએ મેટરનિટીની રજા ઉપર જવાના પોતાના ઈરાદાની જાણ તેના ઈ.ડબલ્યૂ.સી. પહેલાંનું પંદરમું અઠવાડિયું પૂરું થતા સુધીમાં પોતાના એમ્પ્લોયરને કરી દેવી જ જોઈએ, સિવાય કે તેમ કરવાનું વાજબી રીતે વ્યવહારુ ન હોય. તેણે પોતાના એમ્પ્લોયરને નીચેની બાબતો જણાવવી જ જોઈએ-

- કે પોતે ગર્ભવતી છે

- તેનું બાળક કયા અઠવાડિયામાં જન્મે તેવી અપેક્ષા છે

- તે પોતાની મેટરનિટીની રજાઓ ક્યારથી શરૂ કરવા માગે છે.

સ્ત્રી જે તારીખથી રજા ઉપર જવા માગતી હોય તે માટેનો વિચાર બદલીને તારીખમાં ફેરફાર કરી શકે છે, પણ તેણે તે માટે પોતાના એમ્પ્લોયરને ઓછામાં ઓછા 28 દિવસ અગાઉથી સૂચના આપવી જરૂરી છે (સિવાય કે તેમ કરવાનું વાજબી રીતે વ્યવહારુ ન હોય).

એમ્પ્લોયરોએ રજા લેવાનો ઈરાદો જણાવતી સ્ત્રીની સૂચનાનો જવાબ 28 દિવસની અંદર આપવો જ પડે છે, સિવાય કે તે સ્ત્રીએ રજા શરૂ કરવાની તારીખ બદલી હોય, આવા કિસ્સામાં એમ્પ્લોયરે મેટરનિટીની રજા શરૂ થવાની તારીખ પછીના 28 દિવસ સુધીમાં જવાબ આપવો જ પડે છે. એમ્પ્લોયરે પોતાની કામદારને પત્ર લખીને જણાવવાનું જરૂરી છે કે જો કામદાર સ્ત્રી પોતાના હકની મેટરનિટીની બધી જ રજાઓ લઈ લે તો તેણે કઈ તારીખથી કામ ઉપર પાછા ફરવાનું રહેશે. એમ્પ્લોયરો (જો ઈચ્છે તો) વાપરી શકે તે માટેનો એક નમૂનારૂપ પત્ર *Maternity rights* 'મેટરનિટીના અધિકારો' (PL 958) નામની પત્રિકામાં આપવામાં આવેલો છે, જે www.dti.gov.uk/er/maternity.htm ઉપરથી અથવા ડી.ટી.આઈ.ની પબ્લિકેશન્સ ઓર્ડરલાઈન ઉપરથી મેળવી શકાશે (સંપર્ક માટેની વિગતો 'વધારે માહિતી' વિભાગમાં આપવામાં આવી છે). કોઈ સ્ત્રી પોતાની મેટરનિટીની રજાઓ કેટલી વહેલી શરૂ કરી શકે તે બાબતે કોઈ ફેરફાર કરવામાં આવ્યા નથી - આ માટેની વહેલામાં વહેલી તારીખ હજી પણ સ્ત્રીનું બાળક જન્મવાના સમય પહેલાના 11મા અઠિવાડિયાની શરૂઆતની જ રાખવામાં આવી છે.

## મેટરનિટીની રજાઓ બાદ કામ ઉપર પાછા ફરવું

મેટરનિટીની સાધારણ રજા ઉપર ગયેલી સ્ત્રીને, આ રજાનો સમય પૂરો થતાં પહેલાં તેના એમ્પ્લોયરે પત્ર લખીને તેનું બાળક કઈ તારીખે જન્મ્યું હતું અને તે મેટરનિટીની પોતાની વધારાની રજાઓ પૂરી થયા બાદ કામ ઉપર પાછી ફરવા માગે છે કે નહિ, તે પૂછવાની હવે જોગવાઈ રહી નથી. આનો અર્થ એ થાય કે જે સ્ત્રી મેટરનિટીની તેની હકની બધી જ રજાઓ પૂરી કર્યા બાદ કામ ઉપર પાછી ફરવા માગતી હોય તેણે પોતાના એમ્પ્લોયરને બીજી કોઈ વધારાની સૂચના આપવાની જરૂર નથી.

જો કોઈ કામદાર સ્ત્રી પોતાની મેટરનિટીની રજાઓ પૂરી થતાં **પહેલાં** કામ ઉપર પાછી ફરવા માગતી હોય, તો તેણે પોતે જે તારીખથી કામ ઉપર પાછી આવવા માગતી હોય તેના 28 દિવસ અગાઉથી પોતાના એમ્પ્લોયરને આની જાણ કરવી પડે છે.

## બીમારીને કારણે રજાઓની શરૂઆત

જો કોઈ સ્ત્રી તેના ઈ.ડબલ્યૂ.સી.ની શરૂઆત પહેલાંનાં 4 અઠવાડિયાં દરમ્યાન સગર્ભાવસ્થાને લગતી બીમારીને કારણે કામ ઉપરથી ગેરહાજર રહે, તો તેની મેટરનિટીની રજાઓ આપમેળે જ શરૂ થઈ જાય છે પછી તેણે ગમે તે તારીખથી પોતાની ખરેખરી મેટરનિટીની રજાઓ ઉપર જવાનું કહ્યું હોય.

## <u>બીજા ફેરફારો</u>

### સ્ટેટ્યુટરી મેટરનિટી પે અને મેટરનિટી અલાવન્સ

ડિપાર્ટમેન્ટ ફોર વર્ક એન્ડ પેન્શન્સ, સ્ટેટ્યુટરી મેટરનિટી પે (એસ.એમ.પી.) અને મેટરનિટી અલાવન્સ (એમ.એ)માં ફેરફાર કરી રહ્યો છે. આમાં સૌથી અગત્યનો ફેરફાર, એસ.એમ.પી. અથવા એમ.એ. દ્વારા આવરી લેવામાં આવતો સમય લંબાવવાનો અને ચૂકવવામાં આવતા પૈસામાં વધારો કરવાનો છે.

જે સ્ત્રીઓ એસ.એમ.પી. અથવા એમ.એ. મેળવવા માટે હકદાર હોય, અને જેમનું ઈ.ડબલ્યૂ.સી. 6 એપ્રિલ 2003ના દિવસે કે તે બાદ શરૂ થતું હોય, તેમને 26 અઠવાડિયાં માટે એસ.એમ.પી. અથવા એમ.એ. મળે છે.

જે સ્ત્રીઓ એસ.એમ.પી. અથવા એમ.એ. મેળવવા માટે હકદાર હોય, અને જેમનું ઈ.ડબલ્યૂ.સી. 6 એપ્રિલ 2003ના દિવસે કે તે બાદ શરૂ થતું હોય, પણ જેમણે બાળકને સમય પહેલાં જન્મ આપ્યો હોય, તેઓ હજુ પણ 26 અઠવાડિયાં માટે એસ.એમ.પી. કે એમ.એ. મેળવવા માટે હકદાર બને છે.

6 એપ્રિલ 2003થી, એસ.એમ.પી. અને એમ.એ.ના પ્રમાણભૂત દરોમાં હાલના અઠવાડિયાના £75 થી વધારીને, અઠવાડિયાના £100 (અથવા જે સ્ત્રીની અઠવાડિયાની સરેરાશ આવક £100 કરતાં ઓછી હોય તેના માટે તેની આવકના 90%) કરવામાં આવશે. આવકને લગતા એસ.એમ.પી.ના હાલના દર (અઠવાડિયાની સરેરાશ આવકના 90%)માં કોઈ ફેરફાર કરવામાં આવતો નથી, જે ચૂકવણીના સમયના પહેલાં 6 અઠવાડિયા માટે લાગુ પડે છે.

6 એપ્રિલ 2003થી, એસ.એમ.પી. અથવા એમ.એ. મેળવતી બધી જ સ્ત્રીઓને, તેમનું બાળક કોઈ પણ સમયે જન્મવાની અપેક્ષા હોય અથવા તેઓ ચૂકવણી માટેના વધારાના લંબાવાયેલા સમય માટે લાયક બને છે કે નહિ તે ધ્યાનમાં રાખ્યા વગર, નવા પ્રમાણભૂત દરો લાગુ પડે છે. હાલનો £75નો પ્રમાણભૂત દર 5મી એપ્રિલ 2003 સુધી લાગુ રહેશે.

જ્યારે ફેરફારો પૂરેપૂરા અમલમાં આવી જશે, ત્યારે સ્ત્રીઓને:

- તેમનાં એમ્પ્લોયરો તરફથી 6 અઠવાડિયાં સુધી તેમની આવકના 90% જેટલો એસ.એમ.પી. અને ત્યારબાદ 20 અઠવાડિયાં માટે £100 (અથવા જો અઠવાડિયાની આવક £100 કરતાં ઓછી હોય તો પૂરે પૂરાં 26 અઠવાડિયાં માટે તેમની આવકના 90%) મળી શકે.

અથવા

- તેમના સ્થાનિક જોબસેન્ટર પ્લસ / સોશિયલ સિક્યોરિટી ઓફિસમાંથી 26 અઠવાડિયાં સુધી અઠવાડિયાના £100 જેટલો એમ.એ. (અથવા જો અઠવાડિયાના £100 કરતાં ઓછી આવક હોય તો 26 અઠવાડિયાં સુધી તેમની આવકના 90%) મળી શકે.

સુધારા કરાયેલી એસ.એમ.પી. અને એમ.એ. યોજનાઓની પૂરેપૂરી વિગતો NI17A પત્રિકામાંથી (ઓક્ટોબર 2002ની આવૃત્તિમાંથી) મેળવી શકાશે જે તમારા સ્થાનિક જોબસેન્ટર પ્લસ/સોશિયલ સિક્યોરિટીની ઓફિસમાંથી મળી શકશે. આ વિગતો ડિપાર્ટમેન્ટ ફોર વર્ક એન્ડ પેન્શન્સની વેબસાઈટ

www.dwp.gov.uk/lifeevent/famchild/fc_expecting_a_baby.htm ઉપરથી પણ મળી શકે છે.

હાલની એસ.એમ.પી. અને એમ.એ. યોજનાઓની સંપૂર્ણ વિગતો પત્રિકા NI17A (એપ્રિલ 2001ની આવૃત્તિ)માંથી મેળવી શકાશે. વિગતો ડિપાર્ટમેન્ટ ફોર વર્ક એન્ડ પેન્શન્સની ઉપર જણાવેલી વેબસાઈટ ઉપરથી પણ મળી શકશે.

આ ઉપરાંત, એમ્પ્લોયરો માટે એસ.એમ.પી. યોજના વિશેની વધારે માહિતી ઈનલેન્ડ રેવન્યૂની માહિતી પુસ્તિકા E15 *Pay and time off work for parents* 'માતાપિતાઓ માટે પગાર અને કામ ઉપરથી રજા'માંથી મળી શકે છે (તેની નકલો 08457 646 646 ઉપર ફોન કરવાથી મેળવી શકાશે). એમ્પ્લોયરો વધારાની મદદ મેળવવા માટે, એમ્પ્લોયરો માટેની હેલ્પલાઈન 0845 714 3143 ઉપર ફોન કરી શકે છે.

**એમ્પ્લોયરોને ચૂકવણીઓ પાછી મળવી**

સ્ટેટયુટરી મેટરનિટી પે (એસ.એમ.પી.) તરીકે ચૂકવેલા પૈસા પાછા મેળવવા માટે એમ્પ્લોયરો માટેની હાલની ગોઠવણો ચાલુ રહેશે - એમ્પ્લોયરો પોતે ચૂકવેલાં પેયમેન્ટોની 92% રકમ પાછી મેળવી શકે છે. જ્યારે જેઓ નાનાં એમ્પ્લોયરોને મળતી રાહત માટે લાયક હોય તેઓ 100% રકમ ઉપરાંત એસ.એમ.પી. ઉપર એમ્પ્લોયરોએ ચૂકવેલા નેશનલ ઈન્શ્યોરન્સ કોન્ટ્રીબ્યૂશનોના હિસ્સા પ્રત્યે વળતર તરીકેની વધારાની રકમ પણ મેળવી શકે છે.

વધારામાં, નવી ગોઠવણો હેઠળ જે એમ્પ્લોયરોને જરૂર હોય તેઓ એસ.એમ.પી. ચૂકવવા માટેનું નાણાભંડોળ ઈનલેન્ડ રેવન્યૂ પાસેથી અગાઉથી મેળવી શકે છે.

## પરિવારોને મદદરૂપ થતા બીજા અધિકારો

**અનુકૂળતા મુજબ સમયમાં ફેરફાર કરી શકાય તેવી રીતે કામ કરવા માટે અરજી કરવાનો અધિકાર**

નાનાં કે અસમર્થ બાળકોનાં માતાપિતાને, પોતાની અનુકૂળતા મુજબ સમયમાં ફેરફાર થઈ શકે તેવી પદ્ધતિથી કામ કરવા માટેની વિનંતી કરવાનો અધિકાર આપવામાં આવી રહ્યો છે. લાયક બનતાં જે કામદારોને છ વર્ષથી ઓછી ઉંમરનાં બાળકો હોય કે અઢાર વર્ષથી ઓછી ઉંમરનાં અસમર્થ બાળકો હોય, તેમને અનુકૂળતા મુજબ સમયમાં ફેરફાર કરી શકાય તેવી પદ્ધતિથી કામ કરવાની અરજી કરવાનો અધિકાર 6 એપ્રિલ 2003થી મળશે. આ પ્રકારની વિનંતી ઉપર ગંભીરતાપૂર્વક ધ્યાન આપવાની તેમનાં એમ્પ્લોયરોની ફરજ બનશે.

પાયાની માહિતી આપતી *Flexible working - the right to apply* 'અનુકૂળ હોય તેવી પદ્ધતિથી કામ કરવું - અરજી કરવાના અધિકારો' નામની (PL 516) પત્રિકા *www.dti.gov.uk/er/individualflexible-pl516.htm* ઉપરથી અથવા ડી.ટી.આઈ.ની પબ્લિકેશન્સ ઓર્ડરલાઈન ઉપરથી મેળવી શકાશે (સંપર્ક માટેની વિગતો 'વધારે માહિતી'ના વિભાગમાં આપેલી છે).

## પેટરનિટીની પગાર સાથેની રજાઓ મેળવવાનો અધિકાર

પેટરનિટીની રજા અને પગાર મેળવવાનો અધિકાર આપવાની શરૂઆત કરવામાં આવી રહી છે. લાયક બનતાં કામદારો તેમનાં નવજાત બાળકની સંભાળ રાખવા અને માતાને ટેકો આપવા માટે બે અઠવાડિયાં સુધીની રજા ચાલુ પગારે મેળવી શકે છે. જે કામદારોનાં બાળકો 6 એપ્રિલ 2003ના દિવસે કે તે બાદ જનમ્યાં હોય કે જન્મવાની અપેક્ષા હોય તેમને આ અધિકાર મળે છે.

પાયાની માહિતી આપતી *Paternity leave and pay* 'પેટરનિટીની રજાઓ અને પગાર' નામની (PL514) પત્રિકા અને વિગતવાર માર્ગદર્શિકા Working fathers - rights to leave and pay 'કામ કરતા પિતાઓ - રજા અને પગાર મેળવવાના અધિકારો' (PL 517) *www.dti.gov.uk/er/paternity.htm* ઉપરથી અથવા ડી.ટી.આઈ.ની પબ્લિકેશન્સ ઓર્ડરલાઈન ઉપરથી પણ મળી શકે છે (સંપર્ક માટેની વિગતો 'વધારે માહિતી'ના વિભાગમાં આપવામાં આવેલી છે).

## બાળક દત્તક લેનારાં માતાપિતાને પગાર સાથેની રજા મેળવવાના અધિકારો

બાળક દત્તક લેવા માટેની રજા અને પગાર મેળવવા માટેના અધિકારો આપવાની શરૂઆત કરવામાં આવી રહી છે. આ અધિકાર, બાળક દત્તક લેનારાં વ્યક્તિગત લોકોને અથવા જે કિસ્સામાં યુગલ સંયુક્ત રીતે બાળક દત્તક લેતું હોય તેમાં યુગલનાં બેમાંથી એક સભ્યને મળી શકે છે. યુગલના બીજા સભ્યને અથવા બાળક દત્તક લેનારના પાર્ટનર (જીવનસાથી)ને પેટરનિટીની રજા અને પગાર મેળવવા માટેનો અધિકાર આપવાની પણ શરૂઆત કરવામાં આવી રહી છે. જે કામદારોને તેમનાં (દત્તક લીધેલાં) બાળકો 6 એપ્રિલ 2003ના દિવસે કે તે બાદ સોંપવામાં આવ્યાં હોય, તેઓ બાળક દત્તક લીધા બાદના અને પેટરનિટીની રજા અને પગારના અધિકારનો લાભ લઈ શકશે.

પાયાની માહિતી આપતી *Adoptive parents - rights to leave and pay* 'બાળક દત્તક લેનારાં માતાપિતા - રજા અને પગાર મેળવવાના અધિકારો' નામની (URN 02/1099) પત્રિકા *www.dti.gov.uk/er/individual/adopt-pl515.htm* ઉપરથી અથવા ડી.ટી.આઈ. પબ્લિકેશન્સ ઓર્ડલાઈન ઉપરથી પણ મળી શકે છે (સંપર્ક માટેની વિગતો 'વધારે માહિતી'ના વિભાગમાં આપવામાં આવેલી છે).

## માતાપિતા તરીકે અને આશ્રિત લોકો માટે રજા મેળવવાના અધિકારો

જે કામદારોએ - માતાઓ અને પિતાઓ બંનેએ - પોતાના એમ્પ્લોયર સાથે એક વર્ષની નોકરી પૂરી કરેલી હોય તેઓ પોતાના બાળકની સંભાળ રાખવા માટે માતાપિતા તરીકેની 13 અઠવાડિયાંની (વગર પગારની) રજાઓ મેળવવા માટે હકદાર છે. માતાપિતા તરીકેની રજા સામાન્ય રીતે બાળકની જન્મ તારીખ બાદ 5 વર્ષ સુધી અથવા બાળક દત્તક લેવામાં આવ્યું હોય તેવા કિસ્સામાં જે તારીખથી બાળક સાથે રહેવા આવ્યું હોય (અથવા બાળકની 18મી જન્મ તારીખ, બેમાંથી જે પહેલી તારીખ હોય) ત્યારથી પાંચ વર્ષ સુધી લઈ શકાય છે.

અસમર્થ બાળકોનાં માતાપિતાઓ, બાળકની 18મી જન્મ તારીખ સુધીમાં માતાપિતા તરીકેની 18 અઠવાડિયાંની રજા લઈ શકે છે (અગાઉ આ રજા 13 અઠવાડિયાં માટે મળતી હતી), પણ તે માટે તેમણે લાયક બનવા માટેના સમય સુધી નોકરી કરેલી હોવી જરૂરી છે.

બધાં જ કામદારોને પોતાના ઉપર આશ્રિત વ્યક્તિને લગતી ઈમર્જન્સીની કે અનઅપેક્ષિત પરિસ્થિતિ માટે વાજબી પ્રમાણમાં કામ ઉપરથી (પગાર વગરની) રજા મેળવવાનો અધિકાર પણ છે.

*Parental leave 'માતાપિતા તરીકેની રજાઓ'* (PL509) વિશેના અધિકારનું સંપૂર્ણ માર્ગદર્શન www.dti.gov.uk/individual/parental.pdf ઉપરથી અથવા ડી.ટી.આઈ. પબ્લિકેશન્સ ઓર્ડરલાઈન ઉપરથી પણ મળી શકે છે.

Time off for dependants 'આશ્રિતો માટે કામ ઉપરથી રજા મેળવવાના અધિકારો' વિશેનું માર્ગદર્શન (URN 99/1186), www.dti.gov.uk/er//time_off_deps.htm ઉપરથી અથવા ડી.ટી.આઈ. પબ્લિકેશન્સ ઓર્ડલાઈન ઉપરથી પણ મળી શકે છે (સંપર્ક માટેની વિગતો 'વધારે માહિતી'ના વિભાગમાં આપવામાં આવેલી છે).

## વધારે માહિતી

- પેટરનિટી અને મેટરનિટીની રજાઓ તેમજ પગારની ગણતરી કરવા માટે, એમ્પ્લોયરો અને કામદારો બંને ડી.ટી.આઈ.ની માર્ગદર્શન આપતી ઈન્ટરએક્ટિવ સાઈટ (*www.tiger.gov.uk*) નો ઉપયોગ કરી શકે છે.

- આ પત્રિકામાં ઉલ્લેખ કરવામાં આવેલી માર્ગદર્શન આપતી પુસ્તિકાઓ ડી.ટી.આઈ. પબ્લિકેશન્સ ઓર્ડરલાઈન 0870 1502 500 ઉપરથી મળી શકે છે અથવા ઈન્ટરનેટ ઉપર *www.dti.gov.uk/publications* ઉપરથી ઓર્ડર કરી શકાય છે.

- એમ્પ્લોયરો એસ.એમ.પી. વિશે વધારે માહિતી ઈનલેન્ડ રેવન્યૂ પાસેથી (*www.inlandrevenue.gov.uk/employers*) ઉપરથી મેળવી શકે છે. વધારે મદદ માટે એમ્પ્લોયરો 0845 714 3143 ઉપર એમ્પ્લોયર્સ હેલ્પલાઈનને ફોન કરી શકે છે.

- રોજગારને લગતા કાયદા, નવા અધિકારો વિશે વધારે સલાહ અને સારી કાર્યપદ્ધતિઓનું માર્ગદર્શન એ.સી.એ.એસ. (એકાસ) પાસેથી (*www.acas.org.uk*) ઉપરથી અથવા તેમની રાષ્ટ્રિય હેલ્પલાઈનને 08457 47 47 47 ઉપર ફોન કરવાથી મેળવી શકાશે.

- રોજગારને લગતા કાયદામાં થતા ફેરફારો વિશેની યાદગીરીઓ અને અદ્યતન માહિતી મેળવવા માટે નાનાં ધંધાદારીઓ *www.businesslink.org* ઉપર પોતાનું નામ નોંધાવી શકે છે. નાના ધંધા માટે ઉપલબ્ધ અનેક પ્રકારની મદદો વિશેની માહિતી પણ મળી શકે છે.

- રોજગારને લગતા કાયદાનાં દરેક પાસાં વિશેની માહિતી સામાન્ય રીતે અકાઉન્ટન્ટો, સિટિઝન્સ એડવાઈસ બ્યૂરો, એમ્પ્લોયરોની સંસ્થાઓ, કાનૂની સલાહકારો, ઓછો પગાર મેળવતાં કામદારો માટેનાં મંડળો, વ્યાપારી સંગઠનો (ટ્રેડ યૂનિયનો) અને ખાનગી તેમજ સ્વૈચ્છિક ક્ષેત્રની અનેક સંસ્થાઓ પાસેથી મળી શકે છે.